# દ. ગુજરાતના પ્રથમ અને રાજ્યના ૨૦મા નાણાંમંત્રી તરીકે કનુભાઈ દેસાઈ બજેટ રજુ કરશે

**ગુજરાતના ૪ અંદાજપત્ર સંસદમાં રજુ થયા છે : એક જ વર્ષમાં બે વાર લેખાનુદાન બજેટ રજુ થયા છે : એક જ પ્રવચન બે મંત્રીઓએ વાંચ્યાની ઘટના પણ ગુજરાત વિધાનસભામાં નોંધાઈ છે**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભામાં દ. ગુજરાતમાંથી મંત્રી બનેલ કનુભાઈ દેસાઈ ૩જી માર્ચના રોજ તેમનું પ્રથમ બજેટ રજુ કરશે. દ. ગુજરાતના પણ તેઓ પ્રથમ મંત્રી બજેટ રજુ કરનાર બનશે.

ગુજરાતનું બજેટ રજુ કરનારા તેઓ ૨૦મા નાણાંમંત્રી છે. રાજ્યમાં સૌથી વધુ બજેટ રજુ કરવાનો વિક્રમ કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ અને રાજ્યના પૂર્વ નાણાંમંત્રી વજુભાઈ વાળાના નામે છે. તેમણે ૧૮ વખત ગૃહમાં બજેટ રજુ કર્યા છે.

આમ તો માર્ચ મહિનામાં ૧૪ વખત બજેટ રજુ થયા છે. જો કે મોટાભાગે લેખાનુદાન બજેટ રજુ આ મહિનામાં થયા છે.

ગુજરાત વિધાનસભાની તવારીખીમાં જોઈએ તો ગુજરાતમાં ૨૦ વખત લેખાનુદાન બજેટ રજુ થયા છે. ગુજરાતના ૪ બજેટ વર્ષ ૧૯૭૧-૭૨, ૭૪-૭૫, ૭૬-૭૭ અને ૮૦-૮૧ના સંસદમાં પસાર થયા છે.

રાજ્યમાં બે વખત અગાઉની સરકારે રજુ કરેલા બજેટને અનુમોદન નવી સરકારે આપ્યુ છે.

બજેટની તવારીખી ઘણી રસપ્રદ છે. એક જ બજેટ પ્રવચન કેબિનેટ અને રાજ્યમંત્રીએ વાંચ્યુ હોવાની ઘટના પણ રાજ્ય વિધાનસભામાં બની છે.

વિધાનસભાગૃહમાં રાજ્યનું પ્રથમ અંદાજપત્ર ૨૨ ઓગષ્ટના રોજ તત્કાલીન મુખ્યમંત્રી જીવરાજ મહેતાએ રજુ કર્યુ હતુ. અંદાજપત્ર મુખ્યમંત્રી અને નાણાં વિભાગનો હવાલો ધરાવતા માધવસિંહ સોલંકી, બાબુભાઈ પટેલ, વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રજુ કર્યાની ઘટના આ તવારીખીમાં છે.

૧૯૯૫-૯૬નું બજેટ પ્રવચન એ સૌથી લાંબુ અંદાજપત્રીય પ્રવચન માનવામાં આવે છે. ૬૭ પાનાનું આ પ્રવચન હતુ. કોઈપણ વિરામ કે અંતરાય વિના તેનુ વાંચન થતુ હોય છે. તત્કાલીન નાણાંમંત્રી સુરેશભાઈ મહેતા પ્રવચન વાંચતા-વાંચતા થાકી ગયા હતા અને બાકી રહેલુ પ્રવચન રાજ્યમંત્રી સ્વ. હેંમત ચપટવાલાએ વાંચ્યુ હતુ.

ગુજરાત વિધાનસભામાં વજુભાઈએ ૧૮ વખત તો નીતિન પટેલે ૭ વખત, જીવરાજ મહેતા, જસવંત મહેતા, સનત મહેતા, અરવિંદ સંઘવીએ પાંચ-પાંચ વખત, સ્વ. છબીલદાસ મહેતાએ ૬ વખત અંદાજપત્ર રજુ કર્યુ છે.

સ્વ. બાબુભાઈ જ. પટેલે ૪ વખત તો સ્વ. કાન્તીલાલ ઘીયાએ ૩-૩ વખત, દિનેશ શાહ, માધવસિંહ સોલંકી અને સુરેશભાઈ મહેતાએ ૨-૨ વખત અંદાજપત્ર રજુ કર્યુ છે.

જ્યારે વિજયકુમાર ત્રિવેદી, મનોહરસિંહજી જાડેજા, બાબુ મેઘજી શાહ, નરેન્દ્ર મોદી અને માલદેવજી ઓડેદરાએ એક-એક વખત અંદાજપત્ર રજુ કર્યુ છે.

અંદાજપત્રના અનુદાનો પરની ચર્ચા માટે મહત્તમ દિવસો ૧૮ નિયત કરવામાં આવ્યા છે પણ ૧૨ દિવસ જ ચર્ચાઓ કરી તે પસાર કરવામાં આવે છે.

### ● માંગણીઓ નામંજૂર થવાની એક જ ઘટના

૧૯૭૬-૭૭માં અંદાજપત્ર તા. ૧૬મી ફેબ્રુઆરી-૧૯૭૬ના રોજ ગૃહમાં રજુ થયુ. તેના પર ચાર દિવસની સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી. આ પછી ૮મી માર્ચથી ૧૬ દિવસ માટે અનુદાન માટેની માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન શરૂ થયુ હતુ. ચાર દિવસમાં ૨૪ માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન કરવામાં આવ્યુ હતુ. જ્યારે ૧૨મી માર્ચ ૧૯૭૬ના રોજ અન્ન-નાગરિક વિભાગની ચાર માંગણીઓ પર ચર્ચા થયા બાદ સભાગૃહે તે નામંજૂર કરી હતી. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ માગણીઓ ઉપરના મતદાનને કારણે જે પરિસ્થિતિ ઉભી થઈ હતી તે લક્ષમાં લઈ નિયમ ૯ હેઠળ મળેલી સત્તાની રૂએ ગૃહની બેઠક અચોક્કસ મુદત સુધી મુલ્તવી રાખી હતી. વિધાનસભાના ઈતિહાસમાં માંગણીઓ નામંજૂર થવાનો આ પ્રથમ બનાવ છે. આ પછી બજેટ સંસદમાં પસાર કરાયુ હતુ.

### ● અંદાજપત્રમાં બતાવેલી રકમથી ઓછી રકમની માંગણી રજુ કરાઈ

અંદાજપત્રમાં બતાવેલી રકમથી ઓછી રકમની માંગણી કરવાની ઘટના પણ ગૃહમાં બની છે. ૧૬-૩-૬૪ ના રોજ સા.વિ.વિ.ને લગતી માંગણી ગૃહની વિચારણા માટે રજુ થઈ હતી. જેમાં અંદાજપત્રના પ્રકાશનમાં મુખ્યમંત્રીશ્રીની રૂ. એક લાખની ડિસ્ટ્રીશનરી ગ્રાન્ટની વિગતો આપવામાં આવી નહતી.

ચર્ચાને અંતે માગણી રજુ કરનાર મુખ્યમંત્રીએ જે રજુ કરી હતી તેમાંથી મુખ્યમંત્રીના સ્વવિવેક અનુદાન માટે જોગવાઈ કરેલ રૂ. એક લાખની રકમ બાકાત કરીને સુધારેલી માગણી મત માટે મુકી હતી અને ગૃહે તે ઓછી રકમની માંગણીને મંજૂરી આપી હતી.

● અનુસંધાન પાના ૭ પર


# પાટનગરમાં જ ગુજરાતી ભાષામાં લખાયેલ બોર્ડની જોડણીમાં ભૂલોની ભરમાર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર આજે "વિશ્વ માતૃભાષા દિવસ" ઉજવશે. ગુજરાત સરકારે આ દિવસને અનુલક્ષીને ગુજરાતને આગોતરી ભેટ આપતા સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ ગુજરાતી ભાષામાં બોર્ડ લગાવાનું ફરજિયાત કરતો નિર્ણય કર્યો છે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારે રાજ્યના પાટનગરમાં લગાડાયેલાં સાઈન બોર્ડ અંગે એક સર્વે કર્યો છે જે અનુસાર ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જ લગાડાયેલાં સાઈન બોર્ડર્સમાં ગુજરાતી ભાષાની જોડણીની અઢળક ભૂલો જોવા મળી રહી છે. ગુજરાતી ભાષામાં તમામ બોર્ડ લખવાનો સરકારનો નિર્ણય આવકારદાયક છે પરંતુ આ નિર્ણયનું સાચી જોડણી સાથે અમલીકરણ થાય તે પણ એટલું જ જરૂરી છે.




‘બ્રહ્મા કુમારી’ ‘બ્રહ્માકુમારી’ ભેગું લખાય ‘મસ્જીદ’... ‘મસ્જિદ’ લખાય




‘અતિથીગૃહ’... ‘અતિથિગૃહ’ લખાય




‘સોલ્ટ માઉન્ડ’... ‘સોલ્ટ માઉન્ટ’ લખાય




‘સીટી’... ‘સિટી’... ‘ગાંધીનગર માં’ ‘ગાંધીનગરમાં’ ભેગું લખાય




‘સરઘાસણ’... ‘સરગાસણ’... લખાય




‘સીવીલ’... ‘સિવીલ’ લખાય




‘સુચના’... ‘સૂચના’ લખાય




‘ગીફ્ટ સીટી’... ‘ગીફ્ટ સિટી’ લખાય

# શહેરમાં મસીનો વધતો ત્રાસ

**રાહદારીઓ અને વાહનચાલકોને મસીનો ત્રાસ સહન કરવો પડે છે : છેલ્લા ત્રણ-ચાર દિવસથી વહેલી સવારે અને સાંજે મસીનો ખૂબ જ ત્રાસ જોવા મળી રહ્યો છે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી મસીનો ત્રાસ વધી રહ્યો છે.



વહેલી સવારે અને મોડી સાંજે રસ્તા પર હજ્જારોની સંખ્યામાં ઉડતી દેખાતી મસી વાહનચાલકો અને રાહદારીઓને પરેશાન કરી રહી છે.

ગાંધીનગરની આસપાસ ગ્રામ્ય વિસ્તાર આવેલો છે જ્યાં ઘણા બધા ખેતરોમાં રાયડાનો પાક લેવાય છે. રાયડાના પાકમાં થતી મોલોમસીનો ત્રાસ હમણાં હમણાંથી ખુબ વધી ગયો છે. શિયાળો પુરો થાય એટલે દર વર્ષે મોલોમસીનો ત્રાસ વધે છે. છેલ્લા એક અઠવાડિયાથી મોલોમસીનો ત્રાસ ખૂબ જ વધ્યો છે. સવારે અને સાંજના સમયે એકદમ ઝીણી જીવાત જેવી મોલોમસી ઉડતી નજરે પડે છે. રાહદારી અને વાહનચાલકો માટે તે ત્રાસદાયક બની રહી છે. તેમાંય જો પીળાં વસ્ત્રો કે ક્રીમ કલરના વસ્ત્રો પહેર્યા હોય તો ત્રાસ ખુબ જ વધી જાય છે. આ મોલોમસી કપડાં પર ચોંટી જાય છે. આ ઉપરાંત રાહદારીઓ અને વાહનચાલકોના મોઢાંમાં અને નાકમાં ઘુસી જઈને ત્રાસ કરાવે છે. આકરો તડકો નહી પડે ત્યાં સુધી મસીનો ત્રાસ યથાવત જ રહેશે. મોં પર રૂમાલ બાંધીને અને આંખો પર ચશ્મા પહેરીને તેના ત્રાસમાંથી રાહત મેળવી શકાય છે.

# શહેર માટે ૩૮ પ્રવાસી શિક્ષકોની ભરતી અંગે સરકારની લીલી ઝંડી મળી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની ઘટને પહોંચી વળવા રાજ્ય સરકારે ૩૮ પ્રવાસી શિક્ષકોની જગ્યા મંજૂર કરી છે.

ગાંધીનગર શહેરમાં પ્રા. શાળાઓમાં શિક્ષકોની ઘટની સમસ્યા આ વખતે દેખાઈ છે. શહેરમાંથી આ વખતે પ્રા. શિક્ષકો વય મર્યાદાને લઈ વધુ નિવૃત્ત થયા હોવાથી ઘટ ઉભી થઈ છે.

રાજ્યના શિક્ષણ વિભાગે ધો. ૧ થી ૫ માટે ૧૫ અને ધો. ૬ થી ૮ માટે ૨૩ એમ કુલ ૩૮ પ્રવાસી શિક્ષકોની જગ્યા મંજૂર કરી છે.

મળતી વિગતો પ્રમાણે ૬૫ થી વધુ શિક્ષકોની માંગણી કરવામાં આવી હતી. આ સામે ૩૮ પ્રવાસી શિક્ષકોને નિયુક્તી આપવામાં આવશે. આ પ્રવાસી શિક્ષકોને વેતન તાસ આધારિત આપવાનો નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો છે.

ગાંધીનગર શહેરમાં ૩૨ પ્રા. શાળાઓ હાલ ચાલે છે. શહેરની હદ વધ્યા પછી પણ ગ્રામ્ય વિસ્તારની શાળાઓનું સંચાલન જિલ્લા પ્રા. શિક્ષણ સમિતિ કરી રહેલ છે જે નોંધનીય છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૧૮ કેસ નોંધાયા

**કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો : કોરોના વિદાય લઈ રહ્યો હોય તેવુ લાગી રહ્યુ છે**

ગાંધીનર, તા. ૨૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે શહેરમાં કોરોનાના ૧૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ નોંધાયા હતા.

કોરોનાની ત્રીજી લહેર હવે વિદાય લઈ રહી હોય તેવુ લાગી રહ્યુ છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યભરમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તેની સાથે જ શહેર-જિલ્લામાં પણ કોરોનાના કેસો ઘટી રહ્યા છે. કોરોનાની ત્રીજી લહેર પ્રમાણમાં થોડીક રાહત આપનારી રહી હતી. ત્રીજી લહેર એમીક્રોન વેરીયન્ટના કારણે આવી હતી તેનું સંક્રમણ ખુબ ઝડપી હતુ. પરંતુ લક્ષણો એકદમ માઈલ્ડ હતા. શરદી-તાવ અને ગળાના દુઃખાવાના માઈલ્ડ કેસો જ સામે આવ્યા હતા. દર્દીઓને ગંભીર લક્ષણો ન હોવાથી પીક પર પણ હોસ્પિટલાઈઝેશન સાવ ઓછુ હતુ. મોટાભાગે દર્દીઓ ઘરે જ પાંચ-સાંત દિવસની સારવાર લઈ સાજા થઈ જતાં હતા. પીક પસાર થઈ ગયા બાદ કોરોનાના કેસો ખુબ જ ઝડપથી ઘટી રહ્યા છે. શહેર અને જિલ્લામાં સતત કેસો ઘટી રહ્યા છે. કેસો ઘટતા શાળાઓ શરૂ થઈ ચૂકી છે. ભુલકાંઓ પણ શાળાએ આવતા થયા છે. કોરોનાની ત્રીજી લહેરના કારણે મુલ્તવી રહેલા શુભ પ્રસંગો હવે યોજાઈ રહ્યા છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૩૭૭ કેસ, ૯નાં મોત

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં હવે કોરોના પીછેહઠ કરી રહ્યો છે. રાજ્યમાં આજે કુલ ૩૭૭ નવા કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૧૪૮ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૪,૬૫૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૪૪,૪૯૭ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ રાજ્યમાં કુલ ૫૦૧૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૪૧ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૪૯૬૯ નાગરિકો સ્ટેબલ છે. ૧૨૦૪૬૫૬ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે.

અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૮૯૬ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે.

આજે કોરોનાને કારણે કુલ ૯ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. વડોદરા કોર્પોરેશનમાં ૪, વડોદરા ૧, સુરત ૧, ભાવનગર કોર્પોરેશન ૧ અને દેવભુમી દ્વારકામાં ૨ નાગરિકોનાં મોત કોરોનાને કારણે થઈ ચુક્યાં છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com